**મુંબઈની** સડકો કોઈ સૂતેલા અજગરની જેમ લંબાઈને આળસ મરડતી હતી. લગભગ અડધી રાત વીતી ચૂકી હતી તેમ છતાં સડકો ઉપર ટ્રાફિક ઘટ્યો નહોતો. વર્સોવા લિન્ક રોડ પર ફેઇમ ઍડલૅબ સિનેમા થિયેટરમાંથી બહાર નીકળી રહેલા લોકોનાં વાહનોનાં હૉર્નના કારણે અડધી રાતે પણ ઘોંઘાટથી કાન ફાટી જાય એવી સ્થિતિ હતી. પાછળ આવેલી રેસ્ટોરાંઝમાંથી નીકળેલા જુવાનિયાઓની ગાડીઓ તેજ રફતારમાં ગલીના નુક્કડ સુધી આવીને અટકી જતી અને એમણે વગાડેલાં હૉર્ન પણ આ ઘોંઘાટમાં વધારો કરતાં હતાં.

જીન્સ ઉપર ઑપન શર્ટ પહેરેલો એક છોકરો આ ગાડીઓનાં ટોળાં વચ્ચેથી રસ્તો કરતો બહાર નીકળી રહ્યો હતો. જીન્સના ફ્રન્ટ પૉકેટમાં હાથ નાખી એ બેફિકરાઈથી શરીરને આડું-ઊભું કરતો ગાડીઓની વચ્ચેથી મુખ્ય રસ્તા પર પહોંચ્યો. ત્યાં પડેલા એક કૉકના ટિનને એણે જોરથી લાત મારી. પાછળ ફરીને જોયું અને એટલી જ બેફિકરાઈથી મુખ્ય રસ્તા પર આવીને બગીચામાં ટહેલતો હોય એમ ચાલતાં-ચાલતાં એણે અંધેરી તરફ ચાલવા માંડ્યું.

લગભગ બધી જ ઑટો અને ટૅક્સીઓ ફૂલ થઈ ગઈ હતી. બાકી રહેલી એકાદ ઑટો આ છોકરાની પાસેથી પસાર થતાં ધીમી થઈ, છતાં એણે ધ્યાન ન આપ્યું એટલે પૅસેન્જરની શોધમાં આગળ નીકળી ગઈ.

સિનેમાનો ટ્રાફિક ધીમે-ધીમે ઘટી ગયો હતો. પસાર થતી ગાડીઓ સોડિયમ લાઇટના ચકરડાને વીંધતી ઝડપથી નીકળી જતી હતી.

ફ્રન્ટ પૉકેટમાં હાથ નાખીને જઈ રહેલા એ છોકરાના બાવડે એક કોમળ હાથ લપેટાયો, "પાછળ નહીં જોતા."

છોકરાએ નવાઈથી એની સામે જોયું. એની બાજુમાં ઊભેલી છોકરીને એણે સરસરી નજરથી માપી લીધી. શૉર્ટ સ્કર્ટ, નીચે જીપ્સી સેન્ડલ્સ, સ્પગેટી ટૉપ ઉપર જ્યૉર્જેટનું શર્ટ બટન ખુલ્લાં રાખીને પહેર્યું હતું, જે ખરેખર એના વળાંકોને ઢાંકવાને બદલે વધુ રસપ્રદ બનાવતું

હતું. એના ખુલ્લા વાળ કમરથી થોડા ઉપર રહેતા અને ખભાથી થોડા નીચે પહોંચતા હતા. આછો મેકઅપ એના ચહેરાને આકર્ષક બનાવતો હતો, "મારી પાછળ થોડા છોકરાઓ આવે છે. એ લોકો મને ફોલો કરી રહ્યા છે. આઇ ઍમ નિશા." એના હાથ છોકરાના બાવડા પર સહેજ વધુ કસીને લપેટાયા.

"આ તારું સાચું નામ તો નહીં જ હોય." છોકરાના ચહેરા પર એક તોફાની સ્મિત રેલાયું. એણે હળવેકથી પોતાનો હાથ એ છોકરીના લપેટાયેલા હાથમાંથી છૂટો કરવાનો પ્રયત્ન કર્યો, પણ છોકરીએ એનો હાથ છોડ્યો નહીં, "હું હાથ નહીં છોડું. એ લોકોની ગાડી ધીરે-ધીરે પાછળ આવી રહી છે."

"મારું નામ સિદ્ધાર્થ છે." એ હસ્યો, "એ મારું સાચું નામ છે." એ છોકરી થોડી વાર સિદ્ધાર્થની આંખોમાં જોઈ રહી. આવતા-જતા ટ્રાફિકની વચ્ચે બંને જણા થોડીક ક્ષણો માટે જાણે સ્થિર થઈ ગયાં. પછી એ છોકરીએ ધીમેથી કહ્યું, "સામિયા." એની આંખો ઝૂકી ગઈ, "આ સાચું નામ છે."

"સામિયા..." સિદ્ધાર્થે એનો હાથ છોડાવ્યો, "એ લોકો તારી પાછળ શું કામ પડ્યા છે?" એ હસ્યો.

"હું પાર્ટીમાંથી ઘરે જાઉં છું. એ લોકો પણ પાર્ટીમાં સાથે હતા, ત્યાંથી જ મારી પાછળ..." એણે બહુ જ થોડા ઇંચ ડોકું ફેરવીને સહેજ પાછળ જોયું, "એમાંના એક છોકરાએ મને ખુલ્લી ઑફર આપી, પાંચસો-પાંચસોની નોટો હતી. પચાસેક હજાર તો હશે જ."

"લઈ લેવા જોઈએ." સિદ્ધાર્થે હસીને કહ્યું, "આમ પણ... એ લોકો તને ઉઠાવી જશે તો કંઈ આઇસક્રીમ ખવડાવવા તો નહીં જ લઈ જાય."

"નહીં રે..." અચાનક જ સામિયાની આંખો બદલાઈ ગઈ, "હું કંઈ સતી સાવિત્રી નથી, પણ આવા સસ્તા અને ચીપ માણસો સાથે આઇસક્રીમ ખાવા જાઉં એટલી ભૂખીડાંસ પણ નથી." બંને જણા ખડખડાટ હસી પડ્યાં. ખભા પરની પર્સનો પટ્ટો સરખો કરીને સામિયા પણ સિદ્ધાર્થની સાથે-સાથે એટલી જ આરામથી ચાલવા લાગી, "ઍક્ટર બનવા આવ્યો છે?" એણે સિદ્ધાર્થને એક નજરમાં માપી લીધો, "મુંબઈનો નથી લાગતો તું..."

"અમદાવાદ..." એણે સામિયા સામે જોઈને આંખો ઝીણી કરી, "માણસોને જલદી ઓળખે છે તું."

"માણસ મળે છે જ ક્યાં આજકાલ? જાનવરોનાં ટોળાં વચ્ચે માણસ ઓળખાયા વિના થોડો રહે? ઈશ્વરે બધાને ચાર પગ આપ્યા છે, હોરિઝોન્ટલ બનાવ્યા છે – આડા... એક માણસ જ એવો છે કે જે બે પગ પર ઊભો રહી શકે છે."

"ફિલૉસૉફર છે તું તો." કહેતાં-કહેતાં સિદ્ધાર્થે એ બ્લૅક કલરની સ્કોડાને એમનાથી આગળ નીકળી જતી જોઈ. થોડે આગળ જઈને ગાડી ઊભી રહી ગઈ. સિદ્ધાર્થ સાવધ થઈ ગયો. સામિયા એની સાથે વાતો કરી રહી હતી, પણ સિદ્ધાર્થની નજર એ ગાડી પર હતી.

"મુંબઈ શહેરમાં એકલી રહેતી છોકરી ધીરે-ધીરે ફિલૉસૉફર થઈ જતી હોય છે." સામિયાએ દૂર શૂન્યમાં નજર નોંધીને નિઃશ્વાસ નાખ્યો, "આમાંનો એક છોકરો મને ઓળખે છે. એનો દોસ્ત મારો પર્મનન્ટ ક્લાયન્ટ છે."

"વૉટ?" સિદ્ધાર્થની આંખો ફાટી ગઈ.

"હું ઍક્ટ્રેસ બનવા આવી હતી. ત્રણેક વર્ષ સ્ટ્રગલ કરી. ડઝનબંધ કાસ્ટિંગ કાઉચની રમતમાંથી પસાર થયા પછી સમજાયું કે ત્યાં તો કંઈ નથી મળતું. ન રોલ, ન રૂપિયા... આમ તો ઑન કૉલ જાઉં છું. ફોર-ફાઇવ સ્ટાર સિવાયના ગેસ્ટને એન્ટરટેઇન નથી કરતી હું..." એ બોલવાનું પૂરું કરે એ પહેલાં બંને જણા ગાડીની નજીક આવી ગયા.

ગાડીમાંથી એક છોકરો ઊતર્યો. એણે સામિયાનો હાથ પકડ્યો, "અભી જ્યાદા નખરા મત દિખા. ચલ..." એણે સામિયાને સહેજ ખેંચી. એણે હાથ છોડાવ્યો.

"એક બાર ના બોલા... સમજ મેં નહીં આતા ક્યા?!"

"તૂને કિતના પૈસા દિયા?" એ છોકરો પીધેલો હતો. એની જીભ સ્લર થતી હતી, "ઇસને જિતના દિયા ઉસસે અપના પાંચ હજાર જ્યાદા... લેકિન આજ તો તૂ ચાહીએ મુઝે. બહોત નચાયા તૂને પાર્ટી મેં. ગરમ કર ડાલા મેરે કો. અભી ઠંડા ભી તૂ હી કર..." એણે ફરી સામિયાનો હાથ પકડીને ખેંચ્યો.

"નહીં. મૈંને કમિટ કર દિયા, અભી ઇસી કે સાથ જાઉંગી."

હવે એ છોકરાની છટકી, "રંડી..." એણે સામિયાનો હાથ મરડવાનો પ્રયત્ન કર્યો.

સામિયાએ વીજળીની ઝડપે હાથ છોડાવ્યો અને છોકરાને થપ્પડ મારી, "હાં... રંડી હૂં. લેકિન અપના ગ્રાહક ખુદ ચુનતી હું. અભી જાતા હૈ કિ બુલાઉ પુલિસ કો?" એણે જે મિજાજ અને ટૉનમાં કહ્યું એનાથી છોકરાને સમજાઈ ગયું કે ત્યાંથી સરકી જવામાં જ ડહાપણ છે. એ ગાડીમાં બેસી ગયો, ગાડી ચાલી ગઈ.

"આ તો તું ક્યારની કરી શકતી હતી." સિદ્ધાર્થે નવાઈથી એની સામે જોયું.

સામિયાએ કોઈ જવાબ ન આપ્યો, "ચાલ, મૅરિયટમાં કૉફી પીએ." સિદ્ધાર્થ કંઈ બોલે એ પહેલાં સામિયાએ કહી નાખ્યું, "બિલ હું આપીશ, અફકોર્સ."

"મને વાંધો નથી. ઘેર જવાની મારે કોઈ ઉતાવળ નથી." સામિયાએ પસાર થતી ટૅક્સીને હાથ કર્યો. ટૅક્સી ઊભી રહી. બંને જણા અંદર ગોઠવાયાં.

મેરિયટની લૉબીમાં સિદ્ધાર્થે પૂરા અજવાળામાં સામિયાને જોઈ. ઉંમર વીસ-બાવીસથી વધુ નહીં જ હોય એવું એની ત્વચાની કુમાશ અને શરીર પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. એની આંખો ચોખ્ખી હતી. સ્વચ્છ સફેદ આંખોમાં કાળી કીકી એકદમ તેજસ્વી લાગતી હતી. શરીરના વળાંકો સાચે જ આકર્ષક હતા. ચહેરો પણ નમણો હતો. ઘણી બધી હિન્દી ફિલ્મની હીરોઇન કે મૉડલ કરતાં એ ચોક્કસ વધુ સુંદર દેખાતી હતી.

"મને હજી સમજાતું નથી કે તું મારી પાછળ પૈસા ખર્ચવા શું કામ તૈયાર થઈ છે?" સિદ્ધાર્થની નજર એના ચહેરા પર એવી રીતે નોંધાઈ હતી કે રાની એ નજરનો સામનો બહુ વાર સુધી ન કરી શકી.

"પ્રેમ થઈ ગયો તારા માટે." એણે આંખ મારી. એ ચૂપચાપ આગળ ચાલવા લાગી. સીડી ઊતરીને નીચે બેઝમેન્ટમાં આવેલા કૉફીશૉપમાં બંને જણા પહોંચ્યાં ત્યારે ટેબલ પર ગોઠવાતાં સામિયાએ સિદ્ધાર્થ સામે જોયા વગર જ કહ્યું, "તારા મકાનથી ત્રણ મકાન છોડીને મારી બહેનપણી રહે છે. મેં ઘણી વાર જોયો છે તને, આવતો-જતો." હવે સામિયાની નજર સિદ્ધાર્થના ચહેરા પર હતી, "અંડર વર્લ્ડ સાથે કામ કરે છે? ભાઈ છે?"

સિદ્ધાર્થ હસી પડ્યો, "માણસ બે જ કામ માટે મુંબઈ આવે એવું કેમ લાગે છે તને? ઍક્ટર બનવા કે ગુનાખોરી કરવા સિવાય દુનિયામાં કોઈ કામ નથી?"

"તો? શું કરે છે તું?"

"એમ.એ. પૂરું કર્યું. માસ્ટર્સ ઇન કમ્યુનિકેશન. હવે પીએચ.ડી કરવું છે. ભણવા માટે મુંબઈ આવ્યો છું."

"ભણવા?" સામિયાની આંખો ઝીણી થઈ.

"હા." કપુચીનો કૉફીના ફીણ ઉપર બ્રાઉન શુગરની કોથળી ઊંધી કરતાં કૉફીની અંદર સરકી રહેલી ખાંડના કણો તરફ જોતાં સિદ્ધાર્થે ઉમેર્યું, "ઇચ્છા તો છે, પણ મેળ પડે એવું નથી લાગતું."

"કેમ?"

"હું જે માણસ પર પીએચ.ડી. કરવા માગું છું એના વિશેની માહિતી મેળવવી અઘરી છે." સિદ્ધાર્થ હજી પણ ફીણ પર તરતી બ્રાઉન શુગરના બે-ચાર કણોને જોઈ રહ્યો હતો, "સબ્જેક્ટ અને સિનોપ્સીસ અપ્રૂવ થઈ ગયા છે, પણ રિસર્ચ મટીરિયલ..."

"કોના પર પીએચ.ડી. કરવું છે તારે?"

"રઘુવીર કાશ્યપ."

"પેલો ઍક્ટર?"

"સ્ટાર... ડિરેક્ટર... ઍક્ટર... ઍડિટર... શું નહોતો એ? હિન્દી સિનેમાના ઇતિહાસનું એક આખું પ્રકરણ છે એ માણસ. બે પેઢીથી એ કુટુંબ હિન્દી સિનેમા પર રાજ કરે છે."

"એ તો..." સામિયાની આંખો ફરી ઝીણી થઈ, "એ તો મોરેશિયસમાં મરી ગયેલો... સ્ટીમરૂમમાં? ડેડબૉડી મળેલુંને એનું? છેલ્લો ફોન પેલી ઍક્ટ્રેસને કરેલો... મેં પેપરમાં વાંચેલું."

"યાહ." સિદ્ધાર્થ કશું બોલ્યા વિના કૉફી સ્ટર કરતો રહ્યો.

"શું કામ પડે છે એ બધામાં? દર થોડા દિવસે મીડિયા રઘુવીરના મડદાને બહાર કાઢીને ચૂંથે છે. નવાઈની વાત તો એ છે કે એની બૈરી, એના બે છોકરા અને એની ડૉટર સુગંધા કાશ્યપ આ વિશે કાંઈ બોલતાં નથી."

"એ જ તો..." સિદ્ધાર્થના ચહેરા પર એક વિચિત્ર પ્રકારની દઢતા છવાઈ ગઈ, "હું કોઈ પણ રીતે એના સુધી પહોંચીશ. મારે રઘુવીર કાશ્યપ ઉપર થીસિસ કરીને પીએચ.ડી. કરવું છે. મને ખબર છે કે એ માણસની જિંદગી એક આઇસબર્ગ જેવી છે. જેટલી ઉપર દેખાય છે એના કરતાં છ ગણી અંદર દબાયેલી છે."

"છોડ યાર..." સામિયાએ કૉફીનો કપ ઉપાડીને મોઢે માંડ્યો, "એની ગર્લફ્રેન્ડ પેલા ડૉન સાથે પણ ઇન્વૉલ્વ હતી. ખૂનબૂન કર્યું હશે તો વગર લેવાદેવાએ ધંધે લાગી જઈશ." સામિયા હસી પડી, "તું તો કહેતો હતો કે બે વસ્તુ સિવાય મુંબઈમાં માણસ બીજા કામે ન આવે? પણ તું તો આ બેયમાં ફસાવાની તૈયારી કરે છે." એણે ટેબલ પર મુકાયેલા સિદ્ધાર્થના હાથ પર હાથ મૂક્યો, "જો યાર, હું તને ઓળખતી નથી. આજ પછી કદાચ આપણે મળીએ પણ નહીં, છતાંય એક સલાહ આપી દઉં... તું જ્યાં કૂદવાની તૈયારી કરે છે એ આગનો દરિયો છે."

"ખબર છે મને." સિદ્ધાર્થે આટલું કહીને આંખો મીંચી દીધી. એણે ઊંડો શ્વાસ લીધો અને કૉફીનો કપ મોઢે માંડ્યો,

સામિયા એની સામે જોઈ રહી, કાં તો આ માણસ તદ્દન મૂરખ હતો અને કાં તો એ પણ જેટલો દેખાતો હતો એના કરતાં છ ગણો અંદર હતો. એણે જજમેન્ટ લેવાનો પ્રયત્ન કરતાં-કરતાં કૉફી સિપ કરવા માંડી.

**કૉફી** પૂરી થઈ ત્યાં સુધીમાં સિદ્ધાર્થ અને સામિયા એકબીજા વિશે ઘણું જાણી ચૂક્યાં હતાં.

છેલ્લા છ મહિનાથી એ મુંબઈની ધૂળ ફાકતો હતો. ગઈ કાલે સાંજે જ પપ્પા સાથે ફોન પર ગરમાગરમી થઈ ગઈ હતી. એમણે લગભગ હુકમ કરતા હોય એમ કહ્યું હતું, "મને એક અઠવાડિયામાં જવાબ જોઈએ. હવે જો તારો મેળ ના પડવાનો હોય તો અમદાવાદ પાછો આવ ને ધંધામાં જોડાઈ જા. અમારે પગાર ચૂકવીને માણસ રાખવાના ને તું ત્યાં ભણવાના નામે રખડ્યા કરે એવું મને નહીં પોસાય."

આમ જુઓ તો એમની વાત ખોટીયે નહોતી. સિદ્ધાર્થ છેલ્લા છ મહિનામાં કશું જ કરી શક્યો નહોતો. ભાડાનું ઘર અને બીજા ખર્ચાઓ સહિત ઘેરથી મહિને પચીસ-ત્રીસ હજાર રૂપિયા મગાવવા પડતા. મિડ-ડે, મિન્ટ જેવાં અખબારોમાં નાનું-મોટું કામ કરીને અને સ્ક્રિપ્ટ રાઇટિંગના નાના-મોટા અસાઇન્મેન્ટ્સ મરજી પડે ત્યારે કરીને સિદ્ધાર્થ જરૂર પૂરતું કમાઈ લેતો, પણ સિનેમા કે ટેલિવિઝનમાં કારકિર્દી બનાવવાની એની કોઈ ઇચ્છા નહોતી.

એવું હોત તો એના મોટા કાકા, બાપુજી એને માટે પૈસા લગાડવા તૈયાર હતા. અમદાવાદના જાણીતા બિલ્ડર પરિવારનો એક એકમાત્ર દીકરો હતો. એના મોટા કાકાને બે દીકરીઓ હતી

અને નાના કાકાને કોઈ સંતાન નહોતું. કાચી જમીનોની લે-વેચ, ડેવલપિંગ અને બિલ્ડિંગમાં અમદાવાદની ટૉપ ફાઇવ કંપનીમાં એમનું નામ લેવાતું. સહયોગ બિલ્ડર્સ એક વિશ્વાસપાત્ર કંપની માનવામાં આવતી.

બારમા ધોરણમાં બ્યાશી ટકા માર્ક સાથે સિવિલ એન્જિનિયરિંગ કે આર્કિટેક્ચરમાં ઍડ્મિશન લેવાને બદલે એણે જ્યારે સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં બી.એ. કરવાનું નક્કી કર્યું ત્યારે પરિવાર હચમચી ગયો. મોટા કાકાએ એને ઘણો સમજાવ્યો. સખત માથાફોડને અંતે જ્યારે સિદ્ધાર્થ ધાર્યું જ કરશે એવું સમજાઈ ગયું ત્યારે એમણે ઉશ્કેરાઈને એને ફૅમિલીમાંથી કાઢી મૂકવાની ધમકી પણ આપેલી.

સિદ્ધાર્થ ટસનો મસ નહીં થાય એવી ખાતરી થઈ ગઈ પછી એમણે સિદ્ધાર્થને પહેલાં બી.એ. પછી પુણેમાં કમ્યુનિકેશનમાં એમ.એ. કરવા દીધું. પીએચ.ડી.ની વાત આવી ત્યારે ફરી એક વાર બાપુજી ભડકેલા, પણ સિદ્ધાર્થ તો બાળપણથી જ જિદ્દી હતો. એટલે છ મહિનાનો સમય લઈને એ મુંબઈ આવ્યો.

છ મહિનામાં હવે દસ-બાર દિવસ બાકી હતા ત્યારે એને સામિયા ભટકાઈ હતી!

“એક કાસ્ટિંગ ડિરેક્ટર છે. ઘણી છોકરીઓને નાના-મોટા રોલ અપાવ્યા છે એણે. મને પણ બે-ચાર મોટા લોકો પાસે લઈ ગયો હતો... સુગંધા કાશ્યપ એને બહુ માને છે.”

“તને કેવી રીતે ખબર?”

“સવાલ બહુ પૂછે છે તું.” સામિયાએ બિલ ચૂકવતાં સિદ્ધાર્થ સામે જોઈને આંખ મારી, “આમ ખા... પેડ નહીં ગણ.”

“તો પણ...” સિદ્ધાર્થે આંખો ઝીણી કરી, “છ મહિનાથી અહીંયાં રહું છું. તારા જેવા કેટલાય ભટકાયા છે મને. મારે તારી વાત શું કામ માનવી જોઈએ?” સિદ્ધાર્થે સીધું જ પૂછી લીધું.

“કારણ કે એમાં જ તારો ફાયદો છે.”

“મને ફાયદો બતાવીને તું મારો ફાયદો નહીં ઉઠાવે એની શી ખાતરી?”

સામિયા એની સામે જોઈ રહી. પછી એણે હાથ લંબાવીને સિદ્ધાર્થના ગાલ પર ટપલી મારી, “હવે મને ખાતરી થઈ ગઈ કે તું મુંબઈનો નથી. હું તારો ફાયદો ઉઠાવવા જાઉં તો પણ મજા તો તને જ આવે...” એ હસી, “એક સ્ત્રી ઇચ્છે તો પણ પુરુષનો શો ફાયદો ઉઠાવે? રૂપિયા તારી પાસે છે નહીં...” સામિયાની આંખોમાં એક વિચિત્ર નશો છલકાયો, “તું હૅન્ડસમ છે એની ના નહીં.”

“ખરી છે.” સિદ્ધાર્થને હસવું આવી ગયું. એને સમજાયું કે સામિયા જે કંઈ કહી રહી હતી એ વાત પ્રૅક્ટિકલી સાચી જ હતી.

સામિયાએ એના કુતૂહલને સંતોષ થાય એવો જવાબ આપી જ દીધો, “એક વાર મને ગોવા લઈ ગયેલો. સુગંધા પણ સેઇમ હોટેલમાં હતી. અમે લૉબીમાં ભટકાઈ ગયાં ત્યારે

પેલી એને પગે લાગેલી." સામિયા પર્સ ખભે ભરાવી ઊભી થઈ, "તારા રઘુવીરને પણ સારી રીતે ઓળખતો હશે. બુઢ્ઢો ઐયાશ છે. રઘુવીરની ગર્લફ્રેન્ડના સેક્રેટરી સાથે પણ ઓળખાણ કરાવેલી મારી."

"મને મળવામાં રસ છે."

"એને પુરુષોને મળવામાં કેટલો રસ પડશે એની મને ખબર નથી. છોકરી હોત તો લાળ પાડતો આવ્યો હોત..." પગથિયાં ચડતાં સામિયાએ ગંદી ગાળ દીધી. સિદ્ધાર્થે નવાઈથી એની સામે જોયું. ગુજરાતમાં જન્મીને અમદાવાદમાં મોટા થયેલા સિદ્ધાર્થ માટે એક છોકરી આવી ગાળ બોલે એ જરા કલ્ચરલ શૉક આપતી વાત બની ગઈ. સામિયાએ પાછળ ફરીને કહ્યું, "છતાં હું ફોન કરીશ... પૂછી લઈશ." એણે સિદ્ધાર્થના હાથમાં હાથ પરોવ્યો, "તારો નંબર તો આપ... તને ક્યાં ફોન કરું?"

"હું મોબાઇલ નથી રાખતો."

સિદ્ધાર્થની વાત સાંભળીને સામિયાના હોઠ ગોળ વળ્યા. એનાથી સિટી મરાઈ ગઈ, "એક્સકલુઝિવ પીસ છે." એ હસી, "સારું. તારે ઘેર આવી જઈશ, બીજું શું?"

"નો પ્રૉબ્લેમ." બંને જણા જુહુ તારા રોડની ફૂટપાથ પર ચાલી રહ્યાં હતાં, "ચલ તો... ગુડ નાઇટ." સિદ્ધાર્થે ઊભા રહીને કહ્યું.

"ક્યાં જાય છે?"

"ક્યાંય નહીં... હવે હું મારા ઘેર જાઉં."

"હું પણ તારા ઘરે જ આવવાની છું." એણે હાથ પર બાંધેલી કાર્ટિયરની ઘડિયાળમાં જોયું, "બે વાગી ગયા. હવે વર્કિંગ વીમેન્સ હૉસ્ટેલમાં સવારે છ પહેલાં દાખલ નહીં થઈ શકું."

"તું હૉસ્ટેલમાં રહે છે?"

"હમ્..." સામિયાએ ડોકું ધુણાવ્યું, "કોલાબા."

સિદ્ધાર્થ થોડીક ક્ષણો એની સામે જોઈ રહ્યો, "તને ડર નથી લાગતો? હું એકલો રહું છું."

"બાકીના લોકો જે રૂપિયા લૂંટાવીને કરે છે એ તું મફતમાં કરીશ... એનાથી વધારે મારું શું બગાડી લઈશ?" સામિયા હસી, "ચાલ હવે...."

બંને જણાં સિદ્ધાર્થને ઘેર પહોંચ્યાં. ગળામાં પહેરેલા કાળા દોરામાં પરોવેલી ચાવી કાઢી સિદ્ધાર્થે દરવાજો ખોલ્યો. અંદર પહોંચતાંની સાથે જ સામિયાએ શૂઝ ઉતારીને પથારીમાં પડતું નાખ્યું.

"ઓય... ત્યાં તો હું સૂઈશ."

"હું પણ અહીં જ સૂવાની છું, તારી બાજુમાં. ઓ.કે.?" સામિયાએ આળસ મરડીને જ્યૉર્જેટનું શર્ટ કાઢી નાખ્યું, "એકાદ ટી-શર્ટ આપ." સિદ્ધાર્થ નવાઈથી એની આ બેફિકરાઈ અને હિંમત જોઈ રહ્યો, "જુએ છે શું? વળગી નહીં પડું રાત્રે તને..."

ને સાચે જ, એ રાત્રે સિદ્ધાર્થ અને સામિયા એક જ ડબલ બેડના ગાદલામાં એકબીજાને અડ્યા વગર આખી રાત આરામથી ઘસઘસાટ ઊંઘતાં રહ્યાં. સવારે ચા પીને સામિયા ગઈ ત્યારે સિદ્ધાર્થ હજી પોતાની જિંદગીમાં બનેલી આ વિચિત્ર ઘટના વિશે વિચારી શકે એટલો સ્વસ્થ પણ નહોતો થયો.

એ છોકરી કેટલું સાચું બોલતી હતી એ કળવું જરા અઘરું હતું. છતાં સિદ્ધાર્થે એના પર વિશ્વાસ કરવાનું નક્કી કર્યું. એ સિવાય હવે એની પાસે બીજો કોઈ રસ્તો બાકી પણ નહોતો રહ્યો. છ મહિનામાં એણે એનાથી બનતા તમામ પ્રયત્નો કરી લીધા હતા.

રઘુવીર કાશ્યપની પત્ની માનસી કાશ્યપ તો કોઈને મળતી જ નહોતી. જાહેર સમારંભોમાં પણ એ બહુ જ ઓછી દેખાતી. રઘુવીરના મૃત્યુ પછી એ ફક્ત પ્લેન સાડીઓ પહેરતી અને દાગીના મુદ્દલેય પહેરતી નહોતી. આછા રંગોના પ્લેન શિફોનમાં માનસી સેક્સી દેખાતી. એના બે દીકરાઓ પ્રશાંત અને સુશાંતને એકબીજા સાથે બોલવાનાય સંબંધ નહોતા. સુશાંતની પત્ની રિયા એના સમયની સ્ટાર હતી. હવે સુશાંત અને રિયા પણ છૂટાં પડી ચૂક્યાં હતાં. રઘુવીર કાશ્યપની એક જ દીકરી હતી – સુગંધા.

સુગંધા કાશ્યપ સુપરસ્ટાર હતી, પણ મા કે બાપ બેમાંથી કોઈની સાથે નહોતી રહેતી.

એક પછી એક આ બધાં સુધી પહોંચવાનો મરણિયો પ્રયાસ કરી છૂટ્યા છતાં સિદ્ધાર્થ કોઈને મળી શક્યો નહોતો. સેક્રેટરી, બૉય, ડ્રાઇવર તમામ ટેલિફોન નંબર મેળવ્યા છતાં આમાંના એક પણ માણસે એની મદદ નહોતી કરી. ક્યારેક તો એ આ અભેદ્ય કિલ્લાની અંદર વસતા માણસોથી એ અકળાઈ ઊઠ્યો હતો. બે-ચાર વાર, બધું પડતું મૂકીને અહીંથી ચાલ્યા જવાની ઇચ્છા પણ થઈ આવી હતી એને.

એક વાર તો અમદાવાદની ટિકિટ ખરીદી લીધી. ઍરપૉર્ટ પહોંચ્યો, બોર્ડિંગ કાર્ડ લીધા પછી બેસીને વેઇટ કરતો હતો ત્યારે એણે ઍરપૉર્ટ પર સુગંધા કાશ્યપને જોઈ. બે કમાન્ડો, એક બૉય, એક હેરડ્રેસર, એક મેકઅપ મૅન, એક કમ્પેનિયનના કાફલા સાથે એ કદાચ શૂટિંગ માટે મુંબઈની બહાર જઈ રહી હતી. વીઆઇપી લાઉન્જનું એ.સી. ખરાબ હતું એટલે એ કૉમન વેઇટિંગમાં બેઠી હતી. ભડક ઑરેન્જ રંગનું શર્ટ એના શરીરને ચપોચપ બેસતું હતું, ટાઇટ જીન્સ અને પગમાં સ્લિપર્સ સાથે એ તદ્દન કેઝ્યુઅલ દેખાતી હતી. મેકઅપ વગરની એની ગોરી ત્વચા રીતસર ઝગમગતી હતી. એનો ચહેરો આટલે નજીકથી જોતાં જ સિદ્ધાર્થને સમજાઈ ગયું કે લોકો શા માટે એની સુંદરતા પાછળ પાગલ હતા.

એને લાગ્યું કે જાણે ઈશ્વરે જ એની મદદ કરવા માટે સુગંધાને ઍરપૉર્ટ પર મોકલી હતી. એ દોડીને સુગંધા કાશ્યપ પાસે પહોંચ્યો. એની કમાન્ડો સિક્યૉરિટીને અવગણીને સુગંધાની સામે ઊભો રહ્યો, "મારે રઘુવીર કાશ્યપ પર પીએચ.ડી. કરવું છે." એની પાસે કુલ પાંચ જ સેકન્ડ હતી એની એને ખબર હતી.

ડી ઍન્ડ જીના કસ્ટમ મેઇડ ડાયમંડ જડેલા સનગ્લાસિસની આરપાર પણ સિદ્ધાર્થને સમજાયું કે સુગંધાની આંખો પહોળી થઈ ગઈ હતી. એના સિક્યૉરિટી ગાર્ડ આગળ વધ્યા, પણ સુગંધાએ હાથ ઊંચો કરીને અટકાવ્યા, "મૅડમ, તમારા સુધી પહોંચવાના મારા તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા છે." એણે એક જ શ્વાસમાં વાત પૂરી કરી, "છ મહિનાથી અહીંયાં રહું છું મૅડમ, ફક્ત આટલા જ માટે..."

બ્લૂ કલરના લિનનના શર્ટની ફોલ્ડ કરેલી સ્લીવમાંથી સિદ્ધાર્થના કસરતી હાથ દેખાતા હતા. શર્ટના ઓપન કૉલરમાંથી દેખાતી છાતી પરના વાળ એનું પૌરુષ સ્પષ્ટ કરતા હતા. મોટી ભાવવાહી આંખો, નમણું નાક, એકસરખા ગોઠવાયેલા સ્વચ્છ દાંત... થોડીક ક્ષણો માટે સુગંધાની આંખો સિદ્ધાર્થને માપતી રહી, "તો? હું શું કરી શકું?"

"મારી મદદ કરો... મને જે વિગતો જોઈએ છે એ તમારા સિવાય કોઈ નહીં આપી શકે."

"સૉરી." એણે સનગ્લાસિસ ઉતાર્યાં. એની આંખોમાં સહેજ ઝળઝળિયાં આવ્યાં, "અમને રસ નથી." એ ઊંધી ફરીને ચાલવા લાગી. પછી કોણ જાણે શું વિચારીને અટકી, "હું તમને વગરમાગી સલાહ આપું છું કે આમાંથી બહાર નીકળી જાવ. તમે જેટલું ધારો છો એટલું સહેલું નથી આ બધું."

સડસડાટ જઈ રહેલી સુગંધાને જોઈ રહેલા સિદ્ધાર્થે બોર્ડિંગ કાર્ડ ફાડીને કચરાના ડબામાં ફેંકતાં નક્કી કરી લીધું કે બાપુજીએ આપેલા છ મહિનાના સમયનો પૂરેપૂરો ઉપયોગ કરવો. એ દરમિયાનમાં જો કંઈ થવાનું હશે તો થશે, ને નહીં તો અમદાવાદ પાછા જઈને ઈંટ-પથ્થર-રેતી-સિમેન્ટ સાથે માથું ફોડવાની તૈયારી એણે મનોમન કરી જ લીધી હતી.

જે રીતે સામિયા ટપકી પડી એનાથી સિદ્ધાર્થને પોતાની જિંદગીની દિશા બદલાતી લાગી. જો આ છોકરી સામિયા સાચું બોલતી હોય તો સુગંધાના ઘરનો ડૉરબેલ વાગી ચૂક્યો હતો. જો એક વાર દરવાજો ખૂલી જાય અને પોતે દાખલ થઈ શકે તો એ સુગંધાને મદદ કરવા માટે મનાવી લેશે એવી સિદ્ધાર્થને ખાતરી હતી.

જે છોકરી બાવીસ વર્ષની ઉંમરે કરોડપતિ થઈ ગઈ હતી, જે ઇન્ડસ્ટ્રીમાં કોઈનેય ગાંઠતી નહોતી, જે એની તોછડાઈ માટે, આડોડાઈ માટે, તરંગીપણા માટે જાણીતી હતી, એવી છોકરી જેને પગે લાગતી હોય એવા માણસની કોઈક પહોંચ તો હશે જ એમ સિદ્ધાર્થનું મન કહેતું હતું.

"**તું** સમજતી નથી. એ કોઈનુંય માને એમ નથી. પગે લાગે છે, કારણ કે હું એના બાપનો દોસ્ત છું." લિન્ક રોડ પર આવેલા કોટિયાની ચેમ્બર્સના ત્રીજા માળની વૈભવી ઑફિસમાં બેઠેલો એક ઘરડો માણસ સામિયાને સમજાવી રહ્યો હતો. એના

ચહેરાની ત્વચા પરથી ખ્યાલ આવતો હતો કે એની ઉંમર સહેજેય સાઠ વર્ષની આસપાસ હતી. એના એકદમ કાળા રંગેલા વાળ અને ચહેરાની ત્વચા એકબીજા સાથે કંઈક વિચિત્ર સંયોજન ઊભું કરતાં હતાં. એણે ચેક્સવાળું બ્લેઝર પહેર્યું હતું. વારેવારે બ્લેઝરના ખિસ્સામાં હાથ નાખી, એમાંથી લાઇટર બહાર કાઢીને એને રમાડતાં રહેવાની એની ટેવ હતી.

"ગમે તે હોય તનેજાસાહેબ, એક મિટિંગ તો કરાવવી પડશે. મેં પ્રૉમિસ કર્યું છે."

"કોને પૂછીને કર્યું પ્રૉમિસ?' વિકી તનેજાનું મગજ છટક્યું, "સુગંધા એના બાપનુંય નહોતી માનતી તો મારું શું કામ માને?"

"એક વાર વાત કરી જોવામાં શો વાંધો?" સામિયા કોઈ રીતે વિકી તનેજાનો પીછો છોડવા તૈયાર નહોતી.

"એની સાથે વાત કરવામાં જ છ મહિના નીકળી જાય છે." બુઢ્ઢો વિકી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો, "સુનીલ ઘોષ છ મહિનાથી ડેટ માટે એની પાછળ-પાછળ ફરે છે. વાર્તા સાંભળી લીધી, પણ સાઇનિંગ હાથમાં લેતી જ નથી. પૈસા લેતી નથી એટલે પેલો કંઈ કહી શકતો નથી, માથાની ફરેલી છે એ."

"જે હોય તે, એક વાર સિદ્ધાર્થ સાથે એની મિટિંગ કરાવવી પડશે."

વિકી તનેજા થોડીક ક્ષણો સામિયા સામે જોઈ રહ્યો. પછી એના ચહેરા પર ખંધું સ્મિત રેલાયું, "મને શું મળશે?"

"મારી પાસે આપવા માટે જે છે એ તમારે કામનું નથી." એનાથીયે ખંધું સ્મિત કરીને સામિયાએ જવાબ આપ્યો, "ગોવાનો અનુભવ યાદ છે ને સર?" વિકી સહેજ ઝંખવાઈ ગયો. કશું જ બોલ્યા વિના એણે આંખો ઝુકાવી દીધી. એની ઝૂકેલી આંખોથી સામિયાને જાણે પહેલો કોઠો જીતી લીધાનો આનંદ થયો, "હવે તમારે છોકરીની પાછળ લાળ પાડવાની બંધ કરી દેવી જોઈએ... કારણ વગરની બેઇજ્જતી થાય..." એ હસી, "હું તો ઘરની છું, કોઈને નહીં કહું, પણ કોઈને ખબર પડે કે તમે ત્રણ દિવસ ને ત્રણ રાતમાં એક વાર પણ..."

"બસ બસ હવે..." વિકી તનેજા ઊભો થઈ ગયો, "હું તને બે દિવસમાં કહીશ."

"મને ખાતરી છે કે તમે ઍપૉઇન્ટમેન્ટ ગોઠવીને જ ફોન કરશો." સામિયા ઊભી થઈને ટેબલની સામેની તરફ ગઈ, વિકીની ખુરશીના હાથાને પકડીને એણે રિવૉલ્વિંગ ચૅર પોતાની તરફ ફેરવી. એના બુઢ્ઢા ગાલની ત્વચા પર એક ચૂમી ભરીને એણે કહ્યું, "યૂ આર સો સ્વીટ."

કમર મટકાવતી એ બહાર નીકળી ગઈ. એના જીન્સની ગર્ડલ અને ટૉપની વચ્ચેથી દેખાતી ગોરી ત્વચાની એક પટ્ટી વિકીને અત્યારે પણ એટલી જ ઉત્તેજક લાગી, "સાલી જબરદસ્ત ચીઝ હૈ." એનાથી કહેવાઈ ગયું. એણે બેલ મારીને એના આસિસ્ટન્ટને બોલાવ્યો. એ પોતાના કામે વળગ્યો, પરંતુ સામિયાએ કહેલી વાત એના મગજમાં ઘૂમરાતી રહી.

ત્રણ દિવસ ને ત્રણ રાત સામિયાને લઈને ગોવા ગયેલો વિકી એની સાથે કશું જ કરી શક્યો નહોતો. આજે આ છોકરી જે રીતે એને સંભળાવી ગઈ એનાથી વિકીના મનમાં આગ લાગી ગઈ હતી. એણે મનોમન નક્કી કરી લીધું હતું કે આ છોકરીનું કામ કરીને એને ફરી એક વાર હોટેલના રૂમમાં બોલાવીને એવી તો...

બહાર નીકળીને સામિયાના ચહેરા પર ફરી એક વાર સ્મિત આવ્યું. એણે બુઢ્ઢા વિકીને એવી જગ્યાએ થપ્પડ મારી હતી કે હવે સામિયાનું કામ કર્યા વિના એનો છૂટકો જ નહોતો. સામિયાનું કામ કરીને એ એને હોટેલના રૂમમાં બોલાવવા માટે તલપાપડ થઈ ગયો હશે એ વાતની સામિયાને ખાતરી હતી. છેલ્લાં થોડાં વર્ષોમાં એ પુરુષને આરપાર વાંચી શકતી... ટૅક્સીમાં બેસતાં પહેલાં એણે પોતાની જાતને જ એક સવાલ પૂછી નાખ્યો, "કેટલું ઓળખું છું આ છોકરાને? થોડા કલાક એની સાથે વિતાવ્યા પછી હું એની મદદ કરવા તૈયાર થઈ ગઈ છું, પણ ખરેખર એ ભણવા માટે જ આ બધું કરતો હશે?" એના મને એને સવાલ કર્યો, 'માત્ર પીએચ.ડી. કરવા માટે કોઈ આટલું બધું કરે?' અચાનક જ એને ડર લાગ્યો, 'કોઈ પોલીસવાળો હશે? હું ક્યાંક ફસાઈ તો નહીં જાઉં ને?'

એણે આંખો મીંચીને મનોમન સાંઈબાબાનું નામ લીધું. પોતાની આંગળી પર પહેરેલી સાંઈબાબાની સોનાની વીંટી ચૂમી લીધી. પછી મીંચેલી આંખે જ એણે પોતાની જાતને કહ્યું, 'હું તો સારી ભાવનાથી એનું ભલું કરવા માટે મદદ કરું છું. એ મને ફસાવે એવો તો નથી જ. એની આંખમાં લખ્યું છે. સીધો અને પાક છોકરો છે.'

જે થવાનું હોય તે થાય, પણ પોતે સિદ્ધાર્થની મદદ કરશે એવું નક્કી કરીને સામિયાએ ટૅક્સી અંધેરીના મહારાષ્ટ્રની અર્બન ડેવલપમેન્ટ ઑથૉરિટી - મ્હાડાના સિંગલ યુનિટનાં મકાનો તરફ લેવડાવી.

•

સામિયાના ગયા પછી સિદ્ધાર્થે ફરી ઊંઘવાનો પ્રયત્ન કર્યો, પણ એ પડખાં બદલી-બદલીને થાક્યો, 'કોણ હશે આ છોકરી? શું કામ આટલી ઝડપથી મદદ કરવા તૈયાર થઈ હશે? થોડા કલાક મારી સાથે વિતાવવાથી એવું તે શું થઈ ગયું કે એ પોતાની ઓળખાણોનો ઉપયોગ મારા માટે કરવા તૈયાર થઈ ગઈ?' એનું મન રહી-રહીને એને સવાલ પૂછતું હતું, 'મુંબઈ શહેરમાં એક ભાઈ બીજા ભાઈનો વિશ્વાસ નથી કરતો ત્યાં આ છોકરી સાવ અજાણ્યા માણસ માટે શું કામ આટલું બધું કરતી હશે? મને ક્યાંક ફસાવી તો નહીં દે ને?' સિદ્ધાર્થને સહેજ ભય લાગ્યો.

એણે થોડી વાર વિચાર્યા પછી માથું ધુણાવીને વિચારોને ખંખેરી નાખ્યા, 'જે થશે તે જોયું જશે. આમેય આ છેલ્લો દાવ છે. આમાં જો કંઈ નહીં થાય તો મારે અમદાવાદ ભેગા થવાનું જ છે... આ છોકરી પર અવિશ્વાસ કરવાને બદલે વિશ્વાસ કરીને એને સમજવાનો પ્રયત્ન કરી જોઈએ.' એણે મનોમન નક્કી કર્યું.

આજે એને રોજની જેમ જ ખાસ કોઈ કામ નહોતું એટલે ફોન કરીને ઉડિપીમાંથી સાઉથ

ઇન્ડિયન નાસ્તો મગાવ્યો. ઈડલી, વડાં, શીરો અને કૉફી પછી એણે પગ લંબાવીને પોતે ભેગા કરેલાં કટિંગ્ઝની ફાઈલો જોવા માંડી. જે દિવસે રઘુવીર કાશ્યપ મોરેશિયસની હોટેલના સ્ટીમરૂમમાં મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યો એ દિવસથી શરૂ કરીને છેલ્લાં પાંચ વર્ષમાં એને વિશે છપાયેલા તમામ સમાચારોની રજેરજ વિગતો સિદ્ધાર્થ પાસે હતી.

એણે એક પછી એક પાનાં ઉથલાવવા માંડ્યાં. રઘુવીર કાશ્યપના ડેડબૉડી પાસેથી એનો સેલફોન મળી આવ્યો હતો. શરીર ઉપર સ્વાભાવિક રીતે જ ફક્ત ટૉવેલ લપેટેલો હતો. હાથમાં પહેરેલી સૉલિટેરની કરોડ રૂપિયાની વીંટી પણ અકબંધ હતી. એની ઘડિયાળ, સોનાની ચેઇન અને બીજી વસ્તુઓ હોટેલના રૂમમાં યથાવત્ હતી.

એ દિવસે એની ફિલ્મના શૂટિંગનું શેડ્યુલ પૂરું થયું હતું. હોટેલના સ્પામાં મસાજ કરાવીને એ સ્ટીમરૂમમાં દાખલ થયો એ પહેલાં એણે આખરી ફોન બેનઝીરને કર્યો હતો. લગભગ સાડા નવ મિનિટ ચાલેલો એ કૉલ દિવસનો ચોથો ફોન હતો. બેનઝીર સાથે રઘુવીર કાશ્યપની રિલેશનશિપ જગજાહેર હતી.

પરણેલો, ત્રણ છોકરાનો બાપ, ચાળીસી વટાવી ચૂકેલા આ માણસની જોડી બેનઝીર અલી ખાન સાથે પડદા પરની સુપરહિટ જોડી હતી. છેલ્લાં પાંચ વર્ષમાં એમની એક પણ ફિલ્મ ફ્લોપ નહોતી ગઈ.

રઘુવીર કાશ્યપ અને બેનઝીર કોઈ પ્રકારના છોછ વગર પાર્ટીઓમાં સાથે આવતાં અને જતાં. હાથમાં હાથ નાખીને તસવીરો ખેંચાવતાં... સ્વિત્ઝર્લૅન્ડના એક લોકેશન પર એકબીજાને ચુંબન કરતી એમની તદ્દન અંતરંગ ક્ષણોની તસવીરો છાપીને એક ફિલ્મી મૅગેઝિને ધૂમ કમાણી કરી હતી. એ બંને જાહેરમાં ઝઘડતાં. રઘુવીરનો કૉલર પકડીને એની સાથે ઝઘડી રહેલી બેનઝીર અલી ખાનની તસવીરો પણ છપાઈ ચૂકી હતી.

રઘુવીરને સ્ટીમરૂમમાં દાખલ થતા જોનારા છેલ્લા બે જણે કહ્યું હતું કે રઘુવીર ખૂબ ઉશ્કેરાયેલો હતો. એ કોઈની સાથે દલીલો કરી રહ્યો હતો. ઊંચા અવાજે બૂમો પાડતાં એણે ફોન પર 'કોઈક'ને, ખૂન કરી નાખવાની ધમકી આપી હતી. આ વાત સાંભળનારા છેલ્લા બે જણ એટલે સ્પાના રિસેપ્શન ડેસ્ક પર ઊભેલો મયંક શેટ્ટી અને સ્ટીમરૂમનો અટેન્ડન્ટ જ્યૉર્જ.

બંનેનાં સ્ટેટમેન્ટ્સ એકબીજાથી જુદાં પડતાં હતાં. મયંક શેટ્ટીએ લખાવ્યું હતું કે રઘુવીર જ્યારે સ્ટીમરૂમમાં જવા માટે આવ્યો ત્યારે એના હાથમાં એક કાળા રંગની ડાયરી હતી, બીજા હાથમાં ફોન હતો. એણે એ ડાયરી રિસેપ્શન ડેસ્ક પર મૂકી એ સ્ટીમરૂમમાં દાખલ થયો... પોલીસ તપાસમાં આવી કોઈ ડાયરી રિસેપ્શન ડેસ્ક પરથી મળી નહોતી.

જ્યૉર્જનું કહેવું હતું કે રઘુવીરના હાથમાં ડાયરી હતી, પરંતુ એ ડાયરી પોતાની સાથે સ્ટીમરૂમમાં લઈને ગયો હતો. ન્યૂઝ પેપરના કટિંગમાં રિપોર્ટરની દલીલ હતી કે સામાન્ય રીતે હોટેલના સ્ટીમરૂમમાં વરાળને કારણે ધુમ્મસ જેવું વાતાવરણ હોય છે. અંદર કશું વાંચી શકાય એવી સ્થિતિ હોતી જ નથી. વળી, કાગળની કોઈ પણ ચીજ અંદર લઈ જવામાં આવે તો એ

વરાળને કારણે ભીની થઈ જાય એટલી સમજ રઘુવીર કાશ્યપમાં ન હોય એવું માનવાનું કોઈ કારણ જ નહોતું. જેણે પોતાની ચેઇન, વીંટી, ઘડિયાળ અને બીજી વસ્તુઓ હોટેલના રૂમમાં ઉતારી નાખી એ ડાયરી સાથે લઈને શું કામ જાય?

આ સમાચારનું સૌથી વધુ સનસનીખેજ અને અંદરની વિગતોનું રિપોર્ટિંગ 'મુંબઈ ટાઇમ્સ'માં છપાતું રહ્યું હતું. 'મુંબઈ ટાઇમ્સ'નો રિપોર્ટર અલકેશ યાજ્ઞિક આ કેસમાં એવો પાછળ પડ્યો હતો કે કેસની ઝીણામાં ઝીણી વિગતો એણે ખોદી-ખોદીને વાચકો સામે મૂકી હતી. અલકેશે આ સમાચાર લગભગ ત્રણ મહિના સુધી ફોલો કર્યા હતા. પછી અચાનક જ આ સમાચાર આવવાના બંધ થઈ ગયા.

•

મુંબઈ આવીને પોતાના રિસર્ચ માટે પેપર કટિંગ્સ અને બીજી વિગતો એકઠી કરતી વખતે આ વાત સિદ્ધાર્થની નજર બહાર નહોતી રહી. એણે 'મુંબઈ ટાઇમ્સ'ની ફાઈલોમાંથી ફોટોકૉપી તો કરાવી હતી, પરંતુ 'મુંબઈ ટાઇમ્સ'માં અલકેશ યાજ્ઞિકની તપાસ કરતાં એને ખબર પડી હતી કે અલકેશે સામેથી ટ્રાન્સફર માગીને કાનપુર ચાલી ગયો હતો.

'મુંબઈ ટાઇમ્સ'નો સ્ટાર રિપોર્ટર મનાતો માણસ આવી રીતે ટ્રાન્સફર માગીને મુંબઈ છોડી દે એ વાત સિદ્ધાર્થના ગળે ઊતરી નહોતી. એણે અલકેશ યાજ્ઞિકનો નંબર મેળવીને કાનપુરમાં એનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો.

"હું રઘુવીર કાશ્યપ વિશે રિસર્ચ કરું છું. પીએચ.ડી.નો સ્ટુડન્ટ છું."

"કોણ રઘુવીર કાશ્યપ?' અલકેશ યાજ્ઞિકનો અવાજ સહેજ ધ્રૂજ્યો હતો 'કે પછી સિદ્ધાર્થને એવું લાગ્યું હતું એ વિશે સિદ્ધાર્થ આજે પણ નક્કી નહોતો કરી શકતો, "અચ્છા, પેલો ઍક્ટર?"

"હા જી. તમે એના કેસ પર ઘણું કામ કર્યું છે. મારે તમને મળવું છે. હું કાનપુર આવીને..."

અલકેશે એની વાત અડધેથી જ કાપી નાખી, "આવા. તો બહુ કેસનું રિપોર્ટિંગ અમે કરતા હોઈએ છીએ. કેસ પૂરો, ડિટેઇલ પૂરી, વાત પૂરી..." અલકેશ યાજ્ઞિકે પૂર્ણવિરામની જેમ કહી નાખ્યું, "હવે તો મને કશું યાદ પણ નથી. જે ખબર હતી એ બધી લખી જ નાખી છે. ફાઈલમાંથી મળી જશે. ઓ.કે.?" એણે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો હતો.

એ પછી લગભગ દસેક વાર સિદ્ધાર્થે એનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો, પણ અલકેશે ફોન લીધો જ નહોતો.

અત્યારે અલકેશે લખેલા સમાચારો વાંચતાં-વાંચતાં સિદ્ધાર્થની આંખો ક્યારે બંધ થઈ ગઈ એનો એને ખ્યાલ ન રહ્યો, પણ એની આંખ અચાનક ઊઘડી, કારણ કે દરવાજા પર કોઈ જોર-જોરથી મુક્કા મારી રહ્યું હતું.

**વિકી** તનેજાને ત્યાંથી નીકળી ત્યારે સામિયાને ખાતરી હતી કે બુઢ્ઢો વિકી એનું કામ કર્યા વિના રહેવાનો નથી. ગોવાના ત્રણ દિવસ એ સામિયાને કશું જ કરી શક્યો નહીં, એ ઘટના યાદ કરાવીને સામિયાએ એના પુરુષત્વને તમાચો માર્યો હતો. સામિયાને ખબર હતી કે પુરુષ શરીરથી નહીં, મન અને મગજથી પુરુષ હોય છે. એ શારીરિક રીતે પુરુષત્વ ખોઈ બેસે તો પણ એનો ઈગો — એનો અહંકાર ગમે ત્યારે ટટ્ટાર થઈ શકે છે! સામિયાએ એના અહંકારને છંછેડ્યો હતો. હવે વિકી તનેજા પાસે એની જાતને સાબિત કર્યા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

બહાર નીકળીને એણે ટૅક્સી રોકી. સાંઈબાબાની વીંટીને ચૂમીને એણે પોતાની જાતને જ કહ્યું, 'હું તો સારી ભાવનાથી એનું ભલું કરવા માટે મદદ કરું છું. એ મને ફસાવે એવો નથી લાગતો. સીધો અને પાક છોકરો છે આ સિદ્ધાર્થ.' એને રાતની વાત યાદ આવી ગઈ. એક જ ડબલ બેડની ગાદીમાં સૂતેલો એક જુવાન છોકરો અને દોઢ ફૂટના અંતરે સૂતેલી એક કૉલગર્લ... એને પોતાની જિંદગીનો આ માની ન શકાય એવો અનુભવ ફરી એક વાર રણઝણાવી ગયો.

એને ફક્ત શરીર સમજનારા પુરુષોથી સાવ અલગ આ છોકરામાં એને કશુંક જુદું લાગતું હતું. પૂરેપૂરાં વસ્ત્રોની આરપાર એના શરીરને જોતી શિકારી આંખોને બદલે આ છોકરાની સાફ-શરારતી આંખોમાં એને ક્યાંક સચ્ચાઈ દેખાતી હતી. એની ટૅક્સી મ્હાડા તરફ આગળ વધી રહી હતી ત્યાં એનો સેલફોન રણક્યો.

"બોલ..."

"થપ્પડ મારતી હૈ સાલી..." એક જાણીતો અવાજ બરાડતો હતો, "નામ ભૂંસી નાખીશ ઇન્ડસ્ટ્રીમાંથી. ખબર છે કોની સાથે પંગો લે છે તું?" સામિયાએ અવાજ ઓળખવાની કોશિશ કરી. એને ખ્યાલ આવ્યો, આ તો અર્જુન દેશમુખનો અવાજ હતો. ગંદી ગાળોનો વરસાદ થઈ રહ્યો હતો. એને સમજાયું નહીં કે આ શું છે. ત્યાં એને બીજો અવાજ સંભળાયો, "ચિલ્લાના બંધ કર, ક્યા કર સકતા હૈ? જો કર સકતા હૈ કર લે, ખડી હું તેરે સામને..." સામિયાના કાન સરવા થઈ ગયા. આ તો સુગંધા કાશ્યપનો અવાજ હતો.

હજી કંઈ સમજે એ પહેલાં એનો એક દોસ્ત ફોન પર જોરજોરથી હસવા લાગ્યો, "શું કરે છે ઇડિયટ?" સામિયાએ એને પૂછ્યું.

"સ્પોટ પરથી લાઇવ સંભળાવું છું તને... અહીંયાં ગરમાગરમ ચિકન બિરિયાની બની ગઈ છે. તેજ મસાલા..."

"બકવાસ બંધ કર. આ બધું શું હતું?" એ પછી સામેના છેડેથી જે ખબર મળ્યા એનાથી સામિયાને મજા પડી ગઈ. આ એવા સમાચાર હતા, જે ચૅનલ પર ચમકે કે છાપામાં છપાય

એ પહેલાં ઘટનાસ્થળેથી સામિયાને લાઇવ સાંભળવા મળ્યા હતા. આ સમાચાર સિદ્ધાર્થ સુધી પહોંચાડવા સામિયા ઉતાવળી થઈ ગઈ.

સિદ્ધાર્થની આંખ અચાનક ઊઘડી. છેલ્લા દોઢ દિવસમાં બનેલી ઘટનાઓથી જાણે એનું મન થાકી ગયું હતું. સામિયા સાથે ગાળેલી ગઈ કાલની રાત હજી એના મનમાંથી ખસતી નહોતી. પહેલાં એને લાગ્યું કે એને સપનું આવે છે, પણ પછી એને ખ્યાલ આવ્યો કે કોઈ સાચે જ એના ઘરના બંધ દરવાજા પર જોરથી મુક્કા મારી રહ્યું હતું. એણે આંખો ચોળી. ઊંઘ એટલી બધી ગાઢ હતી કે ભાનમાં આવીને દરવાજો ખોલતાં એને થોડી વાર લાગી. કોઈ સતત દરવાજો ખખડાવી રહ્યું હતું.

સિદ્ધાર્થના રૂમમાં કોઈ ફર્નિચર નહોતું એમ કહીએ તો ચાલે. મ્હાડાના આ ક્વાર્ટરમાં એક સીધું ગાળા જેવું મકાન હતું. પહેલા ડ્રૉઇંગરૂમ, પછી કિચન અને પાછળના ભાગમાં એક ચોક, જેમાં બાથરૂમ અને ટૉઇલેટ હતાં. વન રૂમ કિચનનાં આ મકાનો મોટે ભાગે ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સ્ટ્રગલર ભાડે રાખતા કે પછી એડિટિંગ સ્ટુડિયો અને ઑફિસ બનાવવા માટે વપરાતાં. સિદ્ધાર્થના મકાનમાં આગલા રૂમમાં એક ડબલ બેડની ગાદી હતી. એની ઉપર બીજી બે ગાદીઓ નાખીને દોઢ-બે ફૂટની હાઇટ આપવામાં આવી હતી. બાજુમાં એકઢાળિયા પર લખવાની સવલત ઊભી કરાઈ હતી. એક સરસ લૅમ્પ અને એક જણ બેસી શકે એવું હેમોક સિવાય ઘરમાં એક કબાટ હતું. રૂમ સ્વચ્છ હતો. કોઈ બૅચલર રહેતો હોય એવું સહેજેય આ રૂમ જોતાં ન જ લાગે. એનું કિચન પણ સ્વચ્છ હતું. ચા કે ખીચડી મૂકી શકાય, મેગી બની શકે કે ઈંડાં બાફી શકાય એટલી સગવડ એણે ઊભી કરી હતી, પણ ઘર જોતાં એવું ચોક્કસ સમજાય કે આ ઘરમાં કોઈ એવો માણસ વસતો હતો, જે ગમે ત્યારે અહીંથી નીકળી જવાની તૈયારી સાથે જ અહીં જીવતો હતો.

એણે દરવાજો ખોલ્યો, “ઊંઘતો હતો કે શું?” સામિયા એને ખસેડીને ઘરમાં દાખલ થઈ.

“ના, ફૂટબૉલ રમતો હતો.”

“એકલા ફૂટબૉલ ન રમાય.” એણે હસીને આંખ મારી, “હું રમું તારી સાથે?” સિદ્ધાર્થ થોડીક ક્ષણો સામિયાની સામે જોઈ રહ્યો. ચહેરા પરથી આ છોકરી કેટલી બધી સીધી અને પ્રેમાળ દેખાતી હતી. એ પોતે ન કહે તો કદાચ એને વિશે કોઈ પણ ખરાબ વાત સાંભળવા માણસનું મન તૈયાર ન થાય એટલી સાદગી હતી એના ચહેરા પર. એની આંખો સ્વચ્છ હતી. એ સિદ્ધાર્થ સાથે મજાક કરતી ત્યારે શરારત ધસી આવતી એની આંખોમાં, પણ ગંદકી કોઈ ઍન્ગલથી દેખાતી નહોતી.